

બાલોત્સવ -શહેરના બાળકોમાં જેનો ઈંતજાર રહ્યો છે એવા કલરવના બાલોત્સવનો બુધવારે ઉલ્લાસભર્યા વાતાવરણમાં આરંભ થયો હતો... નૃત્ય, નાટ્ય, કલા અને ક્રાફ્ટ - ચિત્રોનો ૧૦ દિવસીય તાલીમ કાર્યક્રમ બાલોત્સવ પરંપરાગત વાતાવરણમાં આરંભાયો હતો... રસ - રુચિ પ્રમાણે બાળકો પોતાને મનગમતી પ્રવૃત્તિમાં તાલીમ મેળવી રહ્યા છે...

# સેકટરોમાં કંગાળ ભાસતા કટાયેલા બોર્ડ દુર કરવામાં તંત્રની નિરસતા

ગાંધીનગર તા ૩

શહેરમાં લાખોના ખર્ચે લગાવાયેલા દિશાસુચક બોર્ડસની હાલત પણ કંગાળ બની છે. મોટાભાગના સાઈન બોર્ડસ વૃક્ષોની ડાળીઓ અવરોધરૂપ બનતા બિનઉપયોગી હોવાની પણ અનેકવાર ફરિયાદો ઉઠવા પામે છે. સાઈન બોર્ડસ પાછળ તોતિંગ ખર્ચ કરાયા બાદ સેકટરોનો ચિતાર દર્શાવતા ચાર દાયકા જુના કટાયેલા બોર્ડસ પણ કંગાળ હાલતમાં યથાવત જોવા મળતા નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે.

શહેરની રચના બાદ સેકટરો અસ્તિત્વમાં આવ્યા બાદ વસાહતીઓને દિશાસુચન કરવા માટે તેમજ સેકટરોનો ચિતાર દર્શાવવા સેકટરના શોપિંગ સેન્ટરો પાસે બોર્ડસ મુકવામાં આવ્યા હતા. પરંતુ હાલ કંગાળ ભાસતા આ બોર્ડસ કટાયેલી હાલતમાં બિન ઉપયોગી હોવાનુ સ્પષ્ટ થયુ છે. છેલ્લા એક દાયકામાં શહેરમાં નવા સાઈન બોર્ડસ લગાવાની કામગીરીના અંતે પણ આ પ્રકારના બાર્ડસ દુર કરવા માટે તંત્ર દ્વારા કોઈ પગલા લેવાયા નથી. સેકટરોના દવાખાના તેમજ પ્રાથમિક શાળાઓને અડીને આવા કટાયલો બોર્ડસ યથાવત જોવા મળે છે. એક જમાનામાં સેકટરનો સઘળો ચિતાર



એક જમાનામાં સેકટરોનો ચિતાર દર્શાવતા બોર્ડસ હાલ કટાયેલી હાલતમાં કદરૂપા ભાસી રહયા છે

દર્શાવતા બોર્ડસ મુલાકાતીઓને ખુબ જ ઉપયોગી થતા હતા. જેના આધારે આવનારા મુલાકાતીઓ પોતે ક્યાં ઉભા છે તે અંગેનો ખ્યાલ બોર્ડસ પરથી જ આવી જતો હતો. જેમાં સેકટરના ઉપયોગી સ્થળ સહીતની સઘળી વિગતો દર્શાવામાં આવતી હતી. પરંતુ સેકટરોમાં નવા બોર્ડસ લગાવાયા બાદ હાલ જુના અને કંગાળ ભાસતા બોર્ડસ યથાવત સ્થિતિમાં છે. કટાયેલા બોર્ડસમાં કાંઈ દેખાતુ પણ નથી પરંતુ સેકટરને બદસુરત બનાવતા આ પ્રકારના બાર્ડસ દુર કરતા નથી. વાઈબ્રન્ટ વેળાએ પણ બે વર્ષ પુર્વે નવા સાઈન બાર્ડસ તેમજ અન્ય પ્રકારની ગેન્ટ્રી મુકવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ત્યારે પણ આ સેકટરોના બોર્ડસ દુર કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી હતી. પરંતુ હજુ પણ સેકટરોમાં કેટલાક ઠેકાણે કટાયેલા અને કદરૂપા બોર્ડસ મુલાકાતીઓન ગેરમાર્ગે દોરે તેવી સ્થિતિ છે.

# સે. ૨૪, ૨૯, ૩૦, ૧૩માં તાવના દર્દીઓ સર્વેલન્સમાં વધુ મળ્યા

## મેલેરિયા તંત્રના હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૩૫૫ પાત્રોમાં મચ્છરોની ઉત્પત્તિ જણાતાં પોરાનાશક કામગીરી કરાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં તાવના સૌથી વધુ સે. ૨૪માંથી મળી આવ્યા છે. જેની સંખ્યા ૩૫ છે. આ પછી ઈન્દ્રોડામાંથી ૨૭ તાવના દર્દી તો સે. ૨૯માંથી અને બોરીજમાંથી ૨૦-૨૦ દર્દી તાવના મળી આવ્યા છે. સે. ૩૦માંથી ૧૫ અને સે. ૧૩માંથી ૧૮ દર્દી મળી કુલ ૨૯૫ તાવના દર્દીઓ મળી આવ્યા છે.

શહેરી મેલેરિયા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આ ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

શહેરી મેલેરિયા તંત્રએ આજ સુધીમાં ૪૫ હજાર જેટલા મકાનોને સર્વેમાં આવરી લીધા છે. ૭૯ હજાર જેટલા પાત્રોની ચકાસણી કરી હતી. જેમાંથી ૩૫૫ જેટલા પાત્રોમાં મચ્છરોની ઉત્પત્તિ જણાઈ આવતાં પોરાનાશક કામગીરી તંત્રની ટીમો દ્વારા કરવામાં આવી છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે સર્વેલન્સ દરમ્યાન મેલેરિયાનો ૧ કેસ પોઝીટીવ મળી આવ્યો છે. ૨૯૫ મળેલા તાવના દર્દીઓના લોહીના નમુના મેળવી અને તેનું પરીક્ષણ હાથ ધરવામાં આવ્યુ છે.

શહેરમાં ગત વર્ષે મેલેરિયાના તાવના કેસોમાં ઘટાડો નોંધાયો હતો પણ ડેન્ગ્યુના કેસ અગાઉના વર્ષ જેટલા જ મળી આવ્યા હતા. જેમાં જુદી જુદી કન્સ્ટ્રક્શન સાઈટો ચાલતી હોવાનું તારણ પણ જાણવા મળ્યુ હતુ.

મેલેરિયા તંત્રએ આ વખતે અત્યારથી જ પ્રિ. મોન્સુન સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી હાથ ધરી છે. શહેરમાં વાઈરલ ફિવર વધુ હોવાનું પણ સર્વેલન્સમાં જણાઈ આવ્યુ છે.

સે. ૨૪, ૧૩, ૨૯, ૩૦માં જે તાવના કેસો મળ્યા છે તેને લઈ તંત્રએ આ વિસ્તારમાં ધ્યાન વધુ કેન્દ્રીત કર્યુ છે. બોરીજ અને ઈન્દ્રોડા પર પણ અત્યંત સતર્ક રહી પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

# શહેરની ૩ સહિત જિલ્લાની ૫૩ પ્રાથમિક શાળામાં 'જ્ઞાનકુંજ'નો પાયલોટ પ્રોજેક્ટ

## ડિજીટલ શિક્ષણની દિશામાં સરકારનું આગેકદમ

## રાજ્યની ૧૫૦૦ શાળામાં આ પ્રોજેક્ટ અમલી બનશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સરકારના ડિજીટલ શિક્ષણના પાયલોટ પ્રોજેક્ટ "જ્ઞાનકુંજ"માં ગાંધીનગર જિલ્લાની ૫૩ શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ૫૩ પ્રા. શાળાઓમાં ગાંધીનગર શહેરની ૩ પ્રા. શાળા સહિત તાલુકાની ૨૨ શાળાઓ, ૭ દહેગામની, ૧૫ કલોલની અને ૯ માણસા તાલુકાની શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી પ્રમાણે સે. ૨૦ની પ્રા. શાળા નં. ૧, સેક્ટર-૨૮ની પ્રા. શાળા નં. ૨ અને સે. ૨૯ની પ્રા. શાળા નં. ૧નો સમાવેશ આ પ્રોજેક્ટમાં કરવામાં આવ્યો છે.

તાજેતરમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંગે સર્વશિક્ષા અભિયાન દ્વારા એક ખાસ વર્કશોપનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. આ વર્કશોપમાં પણ ટેકનોલોજીથી શિક્ષકોની રૂચિ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે આ ડિજીટલ શિક્ષણનો પાયલોટ પ્રોજેક્ટ સર્વ શિક્ષા અભિયાન થકી હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ પાયલોટ પ્રોજેક્ટ પ્રથમ ધો. ૭ અને ૮ના વર્ગખંડોને સમાવવામાં આવનાર છે. જો કે શાળાઓની પસંદગી હજુ આખરી તબક્કામાં હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ પ્રોજેક્ટમાં શિક્ષણ ટેકનીકલ સજ્જ હોવા પર પણ ભાર મુકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં એક શાળા પાછળ સર્વશિક્ષા અભિયાન દ્વારા અંદાજે ૧.૫૦ લાખ રૂ.નો ખર્ચ થશે તેમ મનાઈ રહ્યુ છે. જેમાં કેમેરા તેમજ સ્ક્રીન આપવા સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઈન્દ્રોડામાં ઓરી-અછબડાના ૭ કેસ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરને અડીને આવેલ ઈન્દ્રોડા ગામમાં ૭ જેટલા ઓરી-અછબડાના કેસ દેખાતાં શહેરનું આરોગ્ય તંત્ર દોડતુ થયુ છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ અસરગ્રસ્ત વિસ્તારના ૬૨ જેટલા આવાસો અને ૨૮૮ જેટલા લોકોને આજે સર્વેલન્સમાં આવરી લીધા છે. સર્વેલન્સની કામગીરી કાલે પણ ચાલુ રખાશે તેમ જાણવા મળેલ છે.

હવાથી ફેલાતો આ ચેપી રોગ હોવાથી તંત્રએ આ માટે લોકોમાં જાગૃતિનું અભિયાન છેડવાનો પણ નિર્ણય કર્યો છે. મમતા દિવસ અને હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આ કેસ હોવાની વિગતો બહાર આવતાં તંત્રએ તાબડતોબ કામગીરી હાથ ધરી દીધી છે. તેમજ લોકોમાં જાગૃતિ આવે તે માટે તેમને સમજૂત પણ કરવામાં આવી રહ્યા છે.

# વન્યજીવની હત્યા મામલે સંરક્ષણ અધિનિયમ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર તા ૩

રાજયના જંગલ વિસ્તારમાં વન્ય પ્રાણીઓની થતી હત્યાને અટકાવવા માટે તેમજ વન્યજીવ સંરક્ષણના અધિનિયમ અને કાયદાઓની જાણકારી પુરી પાડવા માટે ગાંધીનગરમાં ફોરેસ્ટરો તેમજ બીટ ગાર્ડ માટે બે દિવસીય શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર સર્કલના મુખ્યવન સંરક્ષક એન એસ યાદવે બીટગાર્ડને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ

**વન્યજીવ સંરક્ષણ અધિનિયમ અંગે તજજ્ઞોએ બીટગાર્ડ અને ફોરેસ્ટરોને માર્ગદર્શન પુરુ પાડ્યુ : કેટલીક પ્રજાતિઓના પ્રાણીઓના અસ્તિત્વ સામે ખતરો**

૧૯૭૨ અંગે માર્ગદર્શન પુરુ પાડયુ હતુ.

રાજયના જંગલ વિસ્તારમાં વન્ય પ્રાણીઓની સંખ્યામાં થતો ઘટાડો વન વિભાગ સહીત જીવદયા પ્રેમીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. ત્યારે જંગલ વિસ્તારમાં વન્ય જીવોની થતી હત્યાને અટકાવવા માટે વધુ સજાગતા અપનાવવી અનિવાર્ય છે. કેટલીક પ્રજાતિના પ્રાણીઓના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો છે. જંગલ વિસ્તારની આસપાસના કેટલાક સ્થાનિકો ગુજરાન ચલાવવા તેમજ અન્ય કારણોસર વન્ય જીવોની હત્યા કરતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.ત્યારે રાજયમાં ફરજ બજાવતા બીટગાર્ડ તેમજ ફોરેસ્ટરોને વન્યજીવ સંરક્ષણ અંગે

● અનુસંધાન પાન-૭ પર



ધોમ ધખતો તાપ - વૈશાખની ગરમી ધીમે ધીમે જામતી જાય છે... ધોમ ધખતા તાપમાં શ્રમિકો પેટીયું રળવા આકરો ઉનાળો સહન કરતા કરતા પણ તડકામાં પણ કામના સ્થળે પ્રસ્થાન કરતા જોવા મળે છે...

# નવા સેકટરો ઉપરાંત ત્રણ ગામોમાંથી પાણી વેરા અન્વયે ૪૬ લાખની વસુલાત

ગાંધીનગર તા ૩

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત અન્વયે સે-૧ થી ૧૩ સહીત શહેરી વિસ્તારના ત્રણ ગામો પૈકી ૭૨ લાખના માંગણા સામે રૂ ૪૬ લાખ વેરા પેટે વસુલવામાં આવ્યા છે. તંત્રના ચોપડે જુના બાકી વેરા અન્વયે પણ ૧૧ લાખની ઉધારી છે. ત્યારે વેરા વસુલાતની ઝુંબેશના અંતે પણ બાકીદારોને આગામી જુન મહીનામાં નોટીસ આપવામાં આવશે. સરકાર પાણી સપ્લાય માટે પ્રતિવર્ષ અંદાજિત રૂ ૨૦ કરોડનો ખર્ચ કરે છે. જેની સામે પાણી ગટર વેરાની નજીવી રકમ ચુકવવા પણ જોડાણકર્તાઓ નિરસતા સેવી રહયા છે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે પ્રતિવર્ષ માર્ચ મહીનામાં એડવાન્સ વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ગત માર્ચ મહીનામાં પણ સમગ્ર શહેર તેમજ શહેરી વિસ્તારના ગામોમાંથી વેરાની એડવાન્સ વસુલાત માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં સે ૧ થી ૩૦ માં ઉપરાંત શહેરી વિસ્તારના ગામોમાંથી પાણી ગટર વેરો વસુલવા માટે જોડાણકર્તાઓને વિશેષ રૂપે વળતરનો પણ લાભ આપવામાં આવતો હોય છે. પરંતુ દર વર્ષે વેરા રકમ સામે વેરા વસુલાત અન્વયે હજુ મોટો આંક વસુલવાનુ બાકી હોવાનુ સ્પષ્ટ થયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ સે-૧ થી ૧૩ અને ધોળાકુવા,ગોકુલપુરા અને ઈન્દ્રોડા ગામમાં ૧૧ લાખના પેન્ડીગ માંગણા

**જુના બાકી માંગણા સહીત ૭૨ લાખનો વેરો વસુલવાનો ટાર્ગેટ હતો : બાકીદારોને નોટીસ અપાશે**

વસુલાત ઝુંબેશના અંતે પણ વસુલાતની રકમ જોતા નાગરિકો વેરાની ચુકવણી માટે હજુ પણ નિરસતા સેવી રહયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં પાણીની જરૂરિયાતને પુરી પાડવા માટે સરકાર પ્રતિવર્ષ અંદાજિત રૂ ૨૦ કરોડનો ખર્ચ કરે છે. જયારે આ ખર્ચ સામે વેરાની આવક તદન નજીવી હોવાનુ ધ્યાને આવ્યુ છે. વેરા વસુલાતના મામલે તંત્રના ચોપડે જુની બાકી ઉધારીનો આંકડો પણ મોટો છે. ત્યારે ગત ઝુંબેશના અંતે નવા સેકટરોમાં પણ જુના અને એડવાન્સ માંગણાની સહીત રૂ ૭૨ લાખની વસુલાત કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અન્વયે માત્ર ૪૬ લાખની વસુલાત થઈ છે. જયારે વેરા વસુલાતના બાકીદારો પાસેથી બાકી માંગણુ વસુલવા તંત્ર દ્વારા આગામી દિવસોમાં નોટીસ આપવામાં આવશે. નગરજનોને પાણી સપ્લાય કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. ત્યારે વેરા વસુલાતની ઝુંબેશ દરમિયાન વેરાની રકમ ચુકવવા માટે સેવાઈ રહેલી નિરસતા તંત્રના અધિકારીઓ માટે પણ ચિંતાનો વિષય બની છે.

# આજે રાજ્યના પ્રા. શાસનાધિકારીઓની ગાંધીનગરમાં સમીક્ષા બેઠક મળશે

ગાંધીનગર, તા. ૩

આજે રાજયના પ્રાથમિક શિક્ષણાધિકારીઓની સમીક્ષા બેઠક ગાંધીનગર ખાતે મળશે.

પ્રવેશોત્સવ, જ્ઞાનકુંજ પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણ, ગુણોત્સવ સહિતના વીસથી વધુ મુદ્દાઓની સમીક્ષા આ બેઠકમાં થશે તેમ જાણવા મળેલ છે. મળતી વિગતો મુજબ આરટીઈ એક્ટ અંતર્ગત જિલ્લા કક્ષાએ થયેલ કામગીરીનો પણ રિવ્યુ લેવામાં આવશે. આ સમીક્ષા બેઠકમાં વહીવટીય મુદ્દાઓ વધુ હોવાનું પણ જાણવા મળેલ છે.

આ બેઠકમાં પાંચ વર્ષથી ચાલતા પ્રજ્ઞા પ્રોજેક્ટમાં થયેલી કામગીરી અને ફળશ્રુતિ અંગે પણ ચર્ચાઓ થનાર છે.

## બેસણું



મારાં ધર્મપત્ની શ્રીમતી બિલકીશબેન (બિનાબેન) નાદીરભાઈ હિરાણીનું દુઃખદ અવસાન તા. ૦૧/૦૫/૨૦૧૭ ને સોમવારના રોજ થયેલ છે. સદ્ગતનું **બેસણું તા. ૪/૫/૨૦૧૭ ને ગુરુવાર**ના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પરિમલ એપાર્ટમેન્ટ કોમન પ્લોટ.
૯/૫૧, પરિમલ એપાર્ટમેન્ટ, સેક્ટર-૭ બી, ગાંધીનગર. મો. ૯૪૦૮૭ ૭૮

લિ. નાદીરભાઈ એન. હિરાણી
નિઝાર એન. હિરાણી (પુત્ર) ઝુલ્ફીકારભાઈ એન. હિરાણી
સમીર એન. હિરાણી (પુત્ર) ઈકબાલભાઈ એન. હિરાણી
તથા સમસ્ત હિરાણી પરિવાર

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ગાંધીનગર થી અમરેલી
તા. ૫-૫-૨૦૧૭થી સાંજે ૬.૩૦ કલાકે ઉપડશે
નોનસ્ટોપ
અમરેલીથી ગાંધીનગર
૧૨ સીટની ગાડી
જુના સચિવાલય સામે પોઈન્ટના બસસ્ટેન્ડથી ઉપડશે
ગાંધીનગર સંપર્ક - ૯૪૨૭૬ ૧૬૬૦૧, ૮૦૦૦૦૩૫૭૩૦
સુધીર વી. રંગપરીયા ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૬૯૫, ૨૩૩૬૬૫, મો. ૯૮૨૪૮ ૫૮૦૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com